# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 25-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર મિત્તલ પટેલ વાંચે છે.

*****************************************************

1) ટૂંક સમયમાં જી એસ ટીમાં ફેરફારો અમલમાં લાવીને દિવાળી પહેલા મોટી ભેટ આપવાનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું નાગરિકોને વચન

2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે  ખેડૂતો, પશુપાલકો અને લઘુ ઉદ્યમીઓનું હિત દેશ માટે સર્વોપરી

3) ભારત અને ફિજીએ આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાનો પુનરોચ્ચાર કર્યો

4) નિષ્પક્ષ અને પારદર્શક પરીક્ષાઓ યોજવા માટે સ્ટાફ સિલેક્શન કમિશન પ્રતિબદ્ધ

5) અમદાવાદમાં શરૂ થયેલી કોમનવેલ્થ રેસલિંગ ગેમમાં ભારતીય એથલેટ્સનું વિક્રમ સર્જક પ્રદર્શન

..................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM MODI AHMEDABAD RALLY-1

ટૂંક સમયમાં જી એસ ટીમાં ફેરફારો અમલમાં લાવીને દિવાળી પહેલા મોટી ભેટ આપવાનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદના નિકોલમાં નાગરિકોને વચન આપ્યુ હતું.. જાહેર સભાને સંબોધતા તેમણે જી એસ ટી સુધારાથી વેપારી , નાના ઉદ્યોગકારો અને સામાન્ય લોકોને મોટો ફાયદો થશે તેમ પણ કહ્યું હતું.. તેમણે કહ્યું હતું કે શહેરી ગરીબોનું જીવન સરળ બનાવવાની સરકારની ટોચની પ્રાથમિકતા છે

**(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)**

ખેડૂતો, પશુપાલકો અને લઘુ ઉદ્યમીઓનું હિત દેશ માટે સર્વોપરી હોવાનું . પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું.. , આજે અમદાવાદમાં પાંચ હજાર 477 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતાં શ્રી મોદીએ ખેડૂતોને ખાત્રી આપતાં કહ્યું હતું કે કોઈ પણ પ્રકારના દબાણમાં ભારત ખેડૂતોનું અહિત નહીં થવા દેવાય ..

**(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી – પશુપાલન)**

ઓપરેશન સિંદૂરને સેનાના શૌર્ય અને સુદર્શન ચક્રધારી ભગવાન શ્રીકૃણની ઇચ્છાશક્તિનું પ્રતીક ગણાવતાં શ્રી મોદીએ કહ્યું કે ગુજરાત બે મોહનની ધરતી છે, સુદર્શન ચક્રધારી ભગવાન કૃષ્ણ અને ચરખાધારી મહાત્મા ગાંધી એ ચિંધેલા માર્ગે ભારત આજે આગળ વધી રહ્યું છે.

**(બાઇટ- નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી - મોહન)**

સમાજના દરેક વર્ગને સન્માનજનક જીવન આપવા સરકાર પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે છેલ્લા 20 વર્ષોમાં ગુજરાતમાં કનેક્ટિવિટીમાં મોટો કાયાકલ્પ થયો છે. ગુજરાતમાં 100 ટકા ઇલેક્ટ્રિફાઇડ રેલવે છે..1

# PM MODI AHMEDABAD RALLY-2

હીરા ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ, દવા ઉદ્યોગ, સેમી કંડકટર, પેટ્રો કેમિકલ જેવા ક્ષેત્રોમાં ગુજરાત અગ્રણી રાજ્ય છે. તેમણે ભારતને વિદેશી દેશો પર નિર્ભર રાખવા બદલ કોંગ્રેસની ટીકા કરતા કહ્યું કે આજે ભારતે આત્મનિર્ભરતાથી વિકસિત ભારત નો પાયો નાંખ્યો છે.

જનસભાના સંબોધન અગાઉ શ્રી મોદી અમદાવાદ હવાઈમથકે પહોંચ્યા ત્યારે રાજયપાલ આચાર્ય દેવવ્રત અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે તેમનું સ્વાગત કર્યું. ત્યારબાદ શ્રી મોદીએ નિકોલ સભાસ્થળ સુધી રોડ શો યોજ્યો જેમાં શ્રી મોદીએ લોકોનું અભિવાદન ઝીલ્યું.

. . . . . .

# PM TOMORROW

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે અમદાવાદના હાંસલપુરમાં સુઝુકી મોટર પ્લાન્ટ ખાતે બે ઐતિહાસિક સીમાચિહ્નોનું ઉદ્ઘાટન કરશે . શ્રી મોદી સુઝુકીના પ્રથમ વૈશ્વિક વ્યૂહાત્મક બેટરી ઇલેક્ટ્રિક વાહન "e Vitara"ને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવશે . ભારતમાં ઉત્પાદિત આ વાહનોની યુરોપ અને જાપાન જેવા અદ્યતન બજારો સહિત 100થી વધુ દેશોમાં નિકાસ કરાશે . આ સિદ્ધિ સાથે , ભારત હવે સુઝુકીના ઇલેક્ટ્રિક વાહનો માટે વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે સેવા આપશે . આ પ્રસંગે તેઓ સભાને પણ સંબોધિત કરશે.

શ્રી મોદી TDS લિથિયમ-આયન બેટરી પ્લાન્ટ ખાતે હાઇબ્રિડ બેટરી ઇલેક્ટ્રોડના સ્થાનિક ઉત્પાદનની શરૂઆત સાથે ભારતના બેટરી ઇકોસિસ્ટમના આગામી તબક્કાનું ઉદ્ઘાટન પણ કરશે . આ પ્લાન્ટ સ્થાનિક ઉત્પાદન અને સ્વચ્છ ઉર્જા નવીનતાને વેગ આપશે . જેનાથી 80 ટકાથી વધુ બેટરીઓ હવે ભારતમાં બનાવાશે.

. . .

# EVE INDIA - FIJI MoU

ભારત અને ફિજીએ આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાનો પુનરોચ્ચાર કર્યો છે અને આતંકવાદ મામલે બેવડા ધોરણોને નકારી કાઢ્યા છે. નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફિજીના પ્રધાનમંત્રી સિતેની રાબુકા વચ્ચેની દ્વિપક્ષીય વાટાઘાટો દરમિયાન , બંને નેતાઓ આતંકવાદ સામે સહયોગ મજબૂત કરવા સંમત થયા હતા અને તેના તમામ સ્વરૂપો અને અભિવ્યક્તિઓમાં આતંકવાદની ટિકા કરી હતી. બંને નેતાઓએ આ વર્ષે એપ્રિલમાં જમ્મુ અને કાશ્મીરમાં 26 નિર્દોષ નાગરિકોના જીવ લેનારા પહેલગામ આતંકવાદી હુમલાની ટિકા કરી હતી.

આજે નવી દિલ્હીમાં મીડિયાને સંક્ષિપ્ત કરતા , વિદેશ મંત્રાલયના સચિવ નીના મલ્હોત્રાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને સિતેની રાબુકાની ઉપસ્થિતિમાં નવ દ્વિપક્ષીય દસ્તાવેજો પર હસ્તાક્ષર થયાં હતા.

**(બાઇટ- નીના મલ્હોત્રા)**

તેમણે કહ્યું કે, વાટાઘાટોમાં રાજકીય સહયોગ, ઉચ્ચ-સ્તરીય જોડાણો, વેપાર, કૃષિ, શિક્ષણ, આરોગ્યસંભાળ, ગતિશીલતા, સંરક્ષણ, ક્ષમતા નિર્માણ અને લોકો-થી-લોકોના સંબંધો સહિતના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી..બંને નેતાઓએ સંરક્ષણ અને દરિયાઈ સુરક્ષા સહયોગને વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

. . . . .

# PRESIDENT-FIJI

ફિજીના પ્રધાનમંત્રી સિટેની લિગામામાદા રાબુકાએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું કે, જેમાં ફિજીની સહભાગિતા સાથે ભારત પેસિફિક ટાપુ દેશો સાથે તેના સંબંધો અને વિકાસ ભાગીદારીને મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. .

# SSC-EXAMINATION

સ્ટાફ સિલેક્શન કમિશને આજે પુનરોચ્ચાર કર્યો કે કમિશન નિષ્પક્ષ અને પારદર્શક પરીક્ષાઓ યોજવા માટે પ્રતિબદ્ધ છે. આજે નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા , SSC ચેરમેન એસ. ગોપાલકૃષ્ણને ભાર મૂક્યો કે કમિશને ટેકનિકલ ખામીઓ અને ગેરરીતિઓને સુધારવા માટે શ્રેણીબદ્ધ પગલાં લીધાં છે. તેમણે કહ્યું કે પરીક્ષાર્થીની સાચી ઓળખ નક્કી કરવા માટે આ વર્ષે જુલાઈ પછી પહેલીવાર આધાર પ્રમાણીકરણનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

**(બાઈટ - ચેરમેન SSC)**

મુલતવી રાખવામાં આવેલી સંયુક્ત સ્નાતક સ્તરની પરીક્ષા સપ્ટેમ્બરના મધ્યથી લેવામાં આવશે તેવી પણ જાહેરાત કરવામા આવી હતી.

. . . .

# SPORTS-WEIGHTLIFTING

અમદાવાદમાં શરૂ થયેલા કોમનવેલ્થ રેસલિંગ સ્પર્ધામાં ભારત એથલેટ્સે વિક્રમ સર્જક પ્રદર્શન કર્યું છે.. સ્પર્ધાના પહેલે દિવસે આજે યોજાયેલી - 44 કિગ્રા કેટેગરીમાં ભારતની પ્રીતિસ્મિતા ભોઈએ 150 કિગ્રા વજન ઉચંકીને 2 નવા કોમનવેલ્થ રેકોર્ડ્સ કર્યા છે.

જ્યારે છોકરાઓની -56 કિલોગ્રામ કેટેગરીમાં ભારતની ધર્મજ્યોતિ એ કુ લ: 224 કિલોગ્રામ વજન ઉંચકીને-2 નવા કોમનવેલ્થ રેકોર્ડ્સ પ્રસ્થાપિત કર્યા છે.

૪૮ કિલોગ્રામ કેટેગરીની યુવા છોકરીઓની સ્પર્ધામાં ભારતની પાયલે કુલ-૧૬૬ કિલોગ્રામ વજન સાથે નવા રેકોર્ડ સર્જ્યો.

જ્યારે જુનિયર મહિલા -૪૮ કિલોગ્રામ કેટેગરીમાં ભારતની સૌમ્યા દલવીએ કુલ- 177 કિલોગ્રામ વજન સાથે-2 નવા કોમનવેલ્થ રેકોર્ડ્સ બનાવ્યાં છે.

વરિષ્ઠ મહિલા - 48 કિગ્રા કેટેગરીમાં ભારતની મીરાબાઈ ચાનુ સાઈખોમ કુલ: 193 કિગ્રા વજન સાથે 3 નવા કોમનવેલ્થ રેકોર્ડ્સ સર્જ્યા છે.

. . . . . .

# CBI - OPERATION CHAKRA

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન , CBIએ ટ્રાન્સનેશનલ સાયબર ફ્રોડ સિન્ડિકેટમાં ભાગેડુ ફરાર આરોપીની ઓપરેશન ચક્ર હેઠળ ધરપકડ કરી છે. નેપાળના કાઠમંડુ જવા વિમાનમાં બેસી રહેલા આરોપીને એજન્સીએ નવી દિલ્હીના IGI એરપોર્ટ પર ઇમિગ્રેશન અધિકારીઓની મદદથી અટકાવ્યો હતો

આ વર્ષે મે મહિનામાં , CBI એ FBI, UK ની નેશનલ ક્રાઇમ એજન્સી અને માઈક્રોસોફ્ટ કોર્પોરેશન સાથે ગાઢ સંકલનમાં કામ કરીને FIR નોંધી હતી. ઓપરેશન દરમિયાન , નોઈડા સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાંથી ફર્સ્ટ આઈડિયા નામથી કાર્યરત એક છેતરપિંડીભર્યું કોલ સેન્ટર પકડી પાડવામાં આવ્યું હતું.

આ કોલ સેન્ટર યુનાઇટેડ કિંગડમ , ઓસ્ટ્રેલિયા અને અન્ય યુરોપિયન યુનિયન દેશોમાં નાગરિકો સાથે છેતરપિંડી કરતા એક અત્યાધુનિક ટેક-સપોર્ટ કૌભાંડ ઝડપ્યું હતું.

. . . .